શહેરોમાં પીવાનું પૂરતું પાણી પહોંચાડાશે : ભૂપેન્દ્ર પટેલ

જૂનાગઢ મહાનગરના એક ઝોન ઉપરાંત ખંભાળિયા ધોરાજી-ચલાલા-ઝાલોદ-માણસા નગરોને મળશે લાભ

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નગરો, મહાનગરોમાં વસતા નાગરિકોને પીવાનું પાણી નિયમીત પણે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવા જનહિતકારી ભાવ સાથે એક મહાનગર અને પાંચ નગરોમાં પાણી પુરવઠા યોજનાના કુલ રૂ. ૫૨.૭૫ કરોડના કામોને એક જ દિવસમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે

. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ મહાનગરના એક ઝોન તેમજ ખંભાળિયા, ધોરાજી, ઝાલોદ, ચલાલા અને માણસા નગરપાલિકાના વિવિધ પાણી પુરવઠાના કામો મંજૂર કર્યા છે

. મુખ્યમંત્રીએ આ નગરોમાં હાલની બેઈઝ ઈયર મુજબ આગામી ૨૦૫૧-૫૨ ના વર્ષની અંદાજિત વસ્તીની પાણી જરૂરિયાત ધ્યાને રાખીને આ યોજનાઓ માટેની શહેરી વિકાસ વિભાગે રજુ કરેલી દરખાસ્તોને અનુમતિ આપી છે

. તદઅનુસાર, જૂનાગઢ મહાનગરપાલિકાના ઝોન-૩ માં પાણી પુરવઠાના કામો માટે રૂ. ૨૦.૮૫ કરોડ, ખંભાળીયા નગરપાલિકા માટે રૂ. ૭.૨૨ કરોડ, ધોરાજી માટે રૂ. ૨.૮૦ કરોડ, ઝાલોદ નગરપાલિકાને રૂ. ૧૪.૧૬ કરોડ, ચલાલા નગરપાલિકા માટે રૂ. ૩.૪૦ કરોડ અને માણસા નગરપાલિકા માટે રૂ. ૪.૩૨ કરોડના કામો માટે મંજૂરી આપવામાં આવી છે

. ભૂપેન્દ્ર પટેલે આપેલી આ સૈદ્ધાંતિક મંજૂરીને પરિણામે હવે જૂનાગઢ મહાનગર ઉપરાંત પાંચ નગરપાલિકાઓમાં પાણી પુરવઠાના કામો અન્વયે રાઈઝીંગ મેઈન, ગ્રેવીટી મેઈન, વિતરણ વ્યવસ્થા, વોટર સંપ, પંપ હાઉસ, પમ્પીંગ મશીનરી, ભૂગર્ભ સંપ ના કામો તેમજ નવા વિસ્તારો માટે વિતરણ વ્યવસ્થા અને સ્ટોરેજ કામોનું આયોજન હાથ ધરાશે.

ગ્રામ્યસ્તરે પંચાયત-મહેસૂલી વેરાની વસુલી માટે હવે સઘન અભિયાન શરૂ કરાશે

નબળી વસુલાત કરનાર તલાટીને નોટીસ અને ખાનગી અહેવાલમાં નોંધ કરવાની ચીમકી અપાઈ, જિલ્લાતંત્રએ વસુલાત અભિયાનનો રોડમેપ તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી વેરા અને પંચાયતી વેરાની નબળી વસુલાતને દૂર કરવા માટે જિલ્લાતંત્રએ ખાસ રોડમેપ તૈયાર કરી અને તાલુકાકક્ષાએ તેની અમલવારી માટે મોકલી આપ્યો છે. તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ અંગેનો આખો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો. દરેક તાલુકા વિકાસ અધિકારીઓને આ અંગે નોડલ ઓફિસર બનાવવામાં આવ્યા છે અને ગ્રામ્ય વિસ્તારોમાં આ વેરા વસુલીનું અભિયાન હાથ ધરવા જણાવવામાં આવ્યું છે.

તેમના વેરા ઘણા સમયથી વુલવામાં બાકી છે તેમને નોટીસો આપવા અને જરૂર પડ્યે આવા બાકીદારોને ત્યાં ઢોલી સાથે જઈ વસુલાત કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. મહેસુલી વસુલાત લોકલ શેષફંડ તેમજ શિક્ષણ ઉપકરની વસુલાત અત્યંત નબળી રહી છે. જ્યારે પંચાયત વેરાની વસુલાત ૩૦ ટકા જેટલી જ થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાકક્ષાએથી પણ આ વેરા વસુલી અંગેનું નિયમિત મોનીટરીંગ કરવામાં આવશે તેમજ જિલ્લા વિકાસ અધિકારીને તેનું રિપોર્ટીંગ કરવામાં આવશે. વસુલાત માટે ખાસ કેમ્પોનું પણ આયોજન કરવા જણાવાયુ છે.

મહેસુલી વર્ષ પૂર્ણ થવાની આડે હજુ ૪ માસનો સમયગાળો બાકી છે ત્યારે લક્ષ્યાંક મુજબ વસુલી થાય તે જોવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં ૨૫ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટીઓને નોટીસ આપી તેમના ખાનગી અહેવાલમાં નોંધ કરવા સહિતની ચીમકી આપવામાં આવી છે.

જિલ્લામાં વસુલાતના આ અભિયાનનો અમલ શરૂ કરવામાં આવ્યો છે પરંતુ સોમવારથી તે વધુ સઘન સ્વરૂપે શરૂ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં બિરાજમાન ભગવાન ઘનશ્યામ મહારાજનો ૭૮મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો. જેમાં શુધ્ધોદક જળ, દૂધ, દહીં, શર્કરા, ઘી, મધ, અત્તર વગેરેથી રાજોપચાર વિધિપૂર્વક અભિષેક વિધિ કરવામાં આવી હતી.

વસ્ત્રાપુરના વૈભવ લક્ષ્મી મંદિરમાં માતાજીના દાગીનાની ચોરી

પોલીસે શંકાસ્પદ તત્વોને અટક કરતા અનેક ચોરી અને ચેન સ્નેચિંગના બનાવોની વિગત બહાર આવતા ફરિયાદ

અમદાવાદ, તા.૫

વસ્ત્રાપુરના ગોયલ ઈન્ટરસિટીની સામે આવેલા વૈભવ લક્ષ્મી મંદિરમાંથી માતાજીના ઘરેણાંની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા પણ દસ દિવસ સુધી આ મામલે કોઈ ફરિયાદ થઈ ન હતી.જોકે શહેર પોલીસે કેટલાક શંકાસ્પદ તત્વોને અટક કરતા અનેક ચોરી અને ચેન સ્નેચિંગના બનાવોની વિગત બહાર આવતા આ મામલે શુક્રવારે ફરિયાદ નોંધાઈ છે. વસ્ત્રાપુરના ગોયલ ઈન્ટરસિટી પાસેના વૈભવ લક્ષ્મી મંદિરમાં ગત તા.૨૨-૨-૨૦૨૨ના મોડી રાત્રીના તસ્કરો પ્રવેશ્યા હતા. ચોરોએ મંદિરની લોખંડની જાળી તેમજ બહારની દીવાલની જાળી એમ બે લોક તોડી માતાજીની મૂર્તિની પાછળ મુકેલી ચાંદીની પાયલ, સોનાના ગ્લેટનો ગળાનો સેટ, માતાજીના બે છત્ર, એક ચાંદીનો વેઢ સહિતના દાગીના ચોરી લીધા હતા.

બનાવ અંગે મંદિરના પૂજારીને સેવકે ફોન કરી જાણ કરી હતી. તેઓએ સ્થળ પર પહોંચી તપાસ કરતા ઉપરોક્ત દાગીના ચોરી થયાની વિગત મળી હતી. મંદિરના ટ્રસ્ટીઓ અને અન્ય મહારાજો સાથે ચર્ચા વિચારણા અંતે ફરિયાદ કરતા મોડું થયાનો બચાવ ફરિયાદી પૂજારીએ કર્યો છે.

ઘાટલોડિયા, મેમનગર, સેટેલાઈટ, સાયન્સ સીટી અને વસ્ત્રાપુર અને અમદાવાદ શહેરના લાખો લોકોની આસ્થા વૈભવ લક્ષ્મી મંદિર અને તેની ઉપરના માળે આવેલી શ્રીનાથજીની હવેલી સાથે જોડાયેલી છે. જેના પગલે આ મામલે ફરિયાદ કરવામાં આવી ન હતી. શહેર પોલીસની એક ટીમે તાજેતરમાં ચોરી, લૂંટ અને વાહનચોરીના ગુનાઓમાં સંડોવાયેલા કેટલાક તત્વોને અટક કરી પૂછપરછ કરતા વૈભવ લક્ષ્મી મંદિરની ચોરી સહિત અનેક બનાવોનો ભેદ ખુલવા પામ્યો હોવાથી રૂ.૨૯,૫૦૦ની મત્તાના માતાજીના દાગીનાની ચોરીની ફરિયાદ પૂજારી પુરવ પંડિત દ્વારા કરવામાં આવ્યાની ચર્ચા લોકોમાં છે.

ચાર મહાનગરોમાં હેલમેટ સીટ બેલ્ટ સંદર્ભે ડ્રાઈવ યોજો

પોલીસ મહાનિર્દેશકનો શહેરના કમિશનરોને આદેશ : ટ્રાફિકના નિયમોની સુયોગ્ય અમલવારી માટે હેલ્મેટ તથા સીટ બેલ્ટ ભંગના શક્ય તેટલા વધારે કેસ કરવા કહેવાયું

અમદાવાદ, તા.૫

પોલીસ મહાનિરીક્ષક પીયૂષ પટેલ એસ.ટી.બી. ગુજરાત રાજ્યએ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરાના પોલીસ કમિશનરને ઉદ્દેશીને હેલમેટના નિયમ ભંગ તથા સીટ બેલ્ટ ભંગના કેસ મામલે ડ્રાઈવ યોજવા આદેશ આપ્યો છે. અમદાવાદ, વડોદરા વેસ્ટર્ન રેલવે પોલીસ અધીક્ષકને પણ આ આદેશની નકલ રવાના કરવામાં આવી છે. આદેશ માટેના પત્રમાં જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટી દ્વારા રોડ સેફ્ટી અંગેની કામગીરીની સમીક્ષા બેઠક તેમજ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં હેલ્મેટ નહીં પહેરવાના કારણે અને સીટ બેલ્ટ નહીં બાંધવાના કારણે અકસ્માતોમાં મૃત્યુદર તેમજ ગંભીર ઈજાના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયાનું સામે આવ્યું છે.

અકસ્માતનું પ્રમાણ ઘટાડવા તેમજ ટ્રાફિકના નિયમોની સુયોગ્ય અમલવારી માટે હેલ્મેટ તથા સીટ બેલ્ટ ભંગના શક્ય તેટલા વધારે કેસ કરવા કહેવામાં આવ્યું છે. આ કારણે આગામી તા. ૦૬ માર્ચ, ૨૦૨૨થી તા. ૧૫ માર્ચ, ૨૦૨૨ દરમિયાન હેલ્મેટ તથા સીટ બેલ્ટ ભંગના કેસ અંગે ડ્રાઈવ યોજવા તથા આ ડ્રાઈવ દરમિયાન આ નિયમોના ભંગને લગતા શક્ય તેટલા વધારે કેસ કરવા કહેવામાં આવ્યું છે. ટ્રાફિક ડ્રાઈવના પગલે રવિવારથી ટ્રાફિક પોલીસ રાજ્ય વ્યાપી ડ્રાઈવ કરશે. હેલ્મેટ, સીટ બેલ્ટ ન પહેરનારા સામે રવિવારથી પોલીસ કડક પગલા લેવામાં આવશે.

રાજ્યમાં કોરોનાના નવા કુલ ૬૧ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોનાના આજે નવા ૬૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૮૬ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૧,૨૭૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૯.૦૩ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૯૬,૨૮૯ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૮૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૮ નાગરિકો વેન્ટીલેટર પર છે જ્યારે ૯૭૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૧૧૨૭૩ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. તો બીજી તરફ અત્યાર સુધીમાં કુલ ૧૦૯૩૪ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૨૫, વડોદરા કોર્પોરેશન ૯, ડાંગ ૬, વડોદરા ૫, બનાસકાંઠા ૩, ગાંધીનગર-રાજકોટમાં ૨-૨, અમદાવાદ, આણંદ, અરવલ્લી, ગાંધીનગર, નવસારી, રાજકોટ કોર્પોરેશન, સુરત, સુરત કોર્પોરેશન અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૯૨૧૪ અને ૩૯૬૮૮નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૯૭૪ ને રસીનો પ્રથમ ૩૩૧૧૧ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

આ ઉપરાંત ૧૨૩૦૨ ને પ્રીકોર્શન ડોઝ અપાઈ ચુક્યાં છે. આજના દિવસમાં કુલ ૯૬,૨૮૯ ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦,૩૩,૮૯,૩૧૦ કુલ ડોઝ અપાઈ ચુક્યા છે.

કબૂતરબાજી રેકેટમાં મેડમ ઓફ મેક્સિકોને શોધતી પોલીસ

મોટાભાગના એજન્ટ એક જ વ્યક્તિના સંપર્કમાં છે અને તે છે મેક્સિકોવાલા મેડમ અથવા તો મેડમ ઓફ મેક્સિકો

અમદાવાદ, તા.૫

ગુજરાત પોલીસ હાલ એક મહિલાને શોધવા માટે આકાશ પાતાળ એક કરી રહી છે, આ મહિલાનું નામ મેડમ એમ અથવા મેક્સિકોવાળા મેડમ તરીકે રાજયમાં પકડાયેલા ઘણા કબૂતરબાજ એજન્ટોના મોબાઈલમાં સેવ છે. પોલીસનું માનવું છે કે અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી રેકેટ ચલાવતા સ્મગલરો અને એજન્ટોને આ મેડમ મદદ કરે છે અને તે મેક્સિકોના ઈમિગ્રેશન વિભાગ સાથે જોડાયેલા છે. તપાસકર્તા અધિકારીઓ જેઓ ગુજરાતમાંથી અમેરિકા સહિતના પશ્ચિમી દેશોમાં ગેરકાયદે ઘૂસણખોરી માટે માનવ તસ્કરીના કૌભાંડની ગુજરાતમાં તપાસ કરી રહ્યા છે તેમણે જણાવ્યું કે તેઓ આવા ઘણા શંકાસ્પદ ઈમિગ્રેશન એજન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. જે પૈકી મોટાભાગના એજન્ટ એક જ વ્યક્તિના સંપર્કમાં છે અને તે છે મેક્સિકોવાલા મેડમ અથવા તો મેડમ ઓફ મેક્સિકો.

હવે ગુજરાત પોલીસ આ ઈમિગ્રેશન અધિકારીની ઓળખ મેળવવા માટે સતત પ્રયાસ કરી રહી છે. જાન્યુઆરી મહિના દરમિયાન અમેરિકામાં ગેરકાયદેસર રીતે કેનેડા બોર્ડરથી પ્રવેશવાના પ્રયાસમાં ગાંધીનગરના ડીંગુચાના એક પટેલ પરિવારના ચાર લોકોના મૃત્યુ બાદ, આંતરાષ્ટ્રીય સ્તરે આવા એજન્ટો અને તસ્કરી ગેંગ સામે કાર્યવાહી આરંભાઈ છે. જેમાં ગુજરાતમાંથી યુએસમાં માનવ તસ્કરી દ્વારા લોકોને લઈ જતા આવા આઠ એજન્ટોનો ગુજરાત પોલીસે પર્દાફાશ કર્યો હતો અને ધરપકડ કરી હતી. ત્યારે તપાસ કરતા એક પોલીસ અધિકારીએ કહ્યું કે "અમે તેમના ફોન પર કોન્ટેક્ટ લિસ્ટ, ઓડિયો મેસેજ અને વોટ્સએપ મેસેજ ચેક કર્યા. જેમાં એક નામ વારંવાર સામે આવ્યું છે: મેક્સિકોવાળા મેડમ"

આ અધિકારીએ વધુમાં ઉમેર્યું કે, "અમને ઓછામાં ઓછા ૨૦ એજન્ટોના ફોન પર આ મહિલાનો સંપર્ક નંબર મળ્યો જે એજન્ટો હાલમાં ગેરકાયદેસર ઈમિગ્રેશન કૌભાંડમાં સામેલ હોવાના કારણે અમારા સ્કેનર હેઠળ છે. આ મહિલા કથિત રીતે મેક્સિકન સરકારમાં કામ કરે છે. તે હાલમાં તુર્કીના ઈસ્તાંબુલમાં ફરજ બજાવે છે. આમ પણ તુર્કી-મેક્સિકો-યુએસ રૂટ ઘણા માનવ તસ્કરી કરતા એજન્ટો દ્વારા પસંદ કરવામાં આવે છે.

તપાસકર્તા અધિકારીઓ આવી રીતે ગેરકાયદે વિદેશ જનારાઓને નાણાં પૂરા પાડવામાં ગુજરાતના બે આંગડિયા અને દિલ્હીના એક એજન્ટની સંડોવણીની પણ તપાસ કરી રહ્યા છે. સમગ્ર મામલે જાણકારી ધરાવાત એક ઉચ્ચ અધિકારીએ કહ્યું કે "આંગડિયાઓ આ સમગ્ર ટ્રિપ માટે નાણાંકીય ખર્ચ કરે છે અને વ્યક્તિ દીઠ ફી તરીકે રૂ. ૨૫ લાખ વસૂલે છે. એકવાર આ રીતે વિદેશ જનાર યુ.એસ.માં સ્થાયી થયા પછી, તે/તે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં આંગડિયાઓનો ઉપયોગ કરીને હવાલા દ્વારા નાણાં મોકલે છે." જ્યારે મેક્સિકોવાળા મેડમ આવા એક માઈગ્રન્ટ પેટે લગભગ ઈ૬,૦૦૦ થી ઈ૭,૦૦૦ વસૂલે છે.

જનઔષધી કેન્દ્રની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી

કેન્દ્રના મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાજી દ્વારા સેક્ટર -૨૪, ગાંધીનગર ખાતે ૬ નંબરના રોડ ઉપર આવેલ જનઔષધી કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ગાંધીનગર મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલ સિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશવંત પટેલ, શહેર ભાજપ પ્રમુખ રુચિર ભટ્ટ તેમજ પૂર્વ મેયર રીટા પટેલ ,પૂર્વ કોર્પોરેટર હર્શાબા ધાધલ, ઈન્ડીયન રેદકરોસ ગાંધીનગર શાખાના ચેરમેન જિલુભા ધાંધલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખોરજ કેનાલ પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર અડાલજ પોલીસ મથક વિસ્તારના ખોરજ નર્મદા કેનાલ પાસેથી એલસીબી-૨ ની ટીમે બાતમીને પગલે અમદાવાદ ચાંદલોડીયા કંકુનગર ખાતે રહેતા પપ્પુલાલ દીપાલાલ ખટીકને ચોરીના બાઈક સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપીને પકડી વધુ તપાસ હાથ ધરી છે.

પ્લોટ પચાવી પાડવા માટે ખોટા દસ્તાવેજો ઊભા કરનાર ૪ પકડાયા

અમદાવાદ,તા.૫

ઝડપથી પૈસાવાળા બની જવા માટે ગુનાહિત કૃત્યો કરવામાં આવતા હોય છે. આવી જ વધુ એક ઘટના અમદાવાદમાં બની હોવાનું પ્રકાશમાં આવ્યું છે. વિવાદના કારણે અટવાઈ પડેલા બોડકદેવમાં આવેલા પ્લોટના ખોટા દસ્તાવેજ બનાવીને તેને વેચવાનો પ્રયાસ કરનારા ચાર ઝડપાયા છે. આ ચારમાં એક પંચ અને રજિસ્ટ્રાર પંચનો પણ સમાવેશ થાય છે કે જેમણે ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરીને પ્લોટ વેચવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ચારને પકડીને વધારે કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં તપાસ દરમિયાન અન્ય કેટલાક મોટા ખુલાસા થયે તેવી પણ સંભાવનાઓ દેખાઈ રહી છે. પોલીસ ફરિયાદ મુજબ બુધાલાલ ઝવેરીએ એક રિજસ્ટર્ડ દસ્તાવેજ કરીને પ્લોટ ખરીદ્યો હતો. તેમણે ભાગીદારીમાં વેપાર શરુ કર્યો.

મોરપીંછના રંગ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

એવૉર્ડથી સન્માન થયું છે. જ્યારે ૨૦૧૮માં નેશનલ ફૉટો સર્કલ સોસાયટી (એફસીએસ) સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ૨૫/૩૦ હજાર ફૉટાઓની વચ્ચે વિજેતા થયેલ છે. તથા એશિયા લેવલે કાર્યરત "નેચર ઇન ફોકસ – બેંગ્લોર" દ્વારા યોજાયેલ એક્ઝિબેશનમાં બે ત્રણ વાર ક્રિનલની તસવીરોની પસંદગી થઈ છે. જ્યારે કર્ણાટકના દારોજી હમ્પી રીંછ અભ્યારણમાં ત્રિ દિવસીય બર્ડ ફેસ્ટિવલમાં નેશનલ લેવલે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને પેનલ ડિસ્કશનમાં યોગદાન આપ્યું છે અને "ફોટોગ્રાફી બાય વુમન ઇન ઇન્ડિયા : ઑપોર્ચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જિંસ " વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું છે. આ માટે જીટીપીએલ જેવી ગુજરાતી ટી.વી. ચેનલમાં વાઈલ્ડ લાઈફ અંગેની જાહેર ચર્ચા કરીને લોકોને પક્ષીજગતથી વાકેફ કર્યા છે. દૂરદર્શન ટીવી કેન્દ્ર ઉપર વૂમન્સ ડે પર ગુજરાતની પાંચ પ્રતિભાશાળી મહિલાઓની ડૉક્યુમેન્ટરી રજુ થયેલી જેમાં ક્રિનલ જાની વિશેની અગિયાર મિનિટની શૉર્ટ ફિલ્મ રજુ કરીને દૂરદર્શને આ સાહસ અને સંવેદનાને સન્માનિત કર્યા હતાં. તો વળી આ ક્ષેત્રમાં આટલા વર્ષો કામ કર્યા પછી ક્રિનલ જાની આજની યુવતીઓ માટે કહે છે કે " જો તમારી પાસે મહેનત કરવાની હિંમત, લગન, જુસ્સો અને ઉત્સાહ હોય તો મહિલાઓ પણ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી શકે છે. બહારની દુનિયા બહુ જ વિશાળ છે. એને જોવા,જાણવા સમજવા માટે બહાર નીકળવું જોઈએ. પ્રકૃત્તિએ અનેક રંગો પાથર્યા છે. અનેક જીવોને પોતાના સાનિધ્યમાં રાખ્યા છે. આ બધુ જોવા સમજવા માટે આપણું સંવેદનશીલ હોવું જરૂરી છે. "

આજે વ્યક્તિ - વ્યક્તિની શાબ્દિક લાગણી કે સંવેદના પણ સમજવા તૈયાર નથી ત્યારે આ ક્રિનલ જાની આજે સાતસોથી વધુ પક્ષીઓને ઓળખે છે. એના અવાજોને જાણે છે, એની વાચાહીન સંવેદનાઓને સમજી શકે છે. એક સ્ત્રી માટે આનાથી મોટું માનવીય ગૌરવ બીજું કયું હોઈ શકે ?

- 9426060601.india@gmail.com

ચાર્જીગ સ્ટેશન... ● છેલ્લા પાનાનું ચાલુ

હોવાછતા બસ સેવાનો અભાવ વર્તાય છે. અગાઉના સમયમાં નાગરિકોને ઘર આંગણે થી અલબત્ત સેકટરે સેકટરે બસ સુવિધા મળી રહેતી હતી પરંતુ હાલ સ્ટેન્ડ હોવાછતા બસ સુવિધાના રૂટોનુ સંચાલન ઘટાડી દેવાયુ છે. શહેર ઉપરાંત આસપાસના ગ્રામજનો પણ બસ સેવાથી વંચિત રહેતા હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જેને ધ્યાનમાં રાખીને ઈલેક્ટ્રીક બસો દોડાવવાના આયોજન સાથે રૂટોનુ યોગ્ય સંચાલન થાય તે માટે પણ સેકટરવાસીઓ પ્રબળ માંગણી કરી રહ્યા છે.

જમાઈની સામે ખોટા કેસ કરીને હેરાનગતિ કરનારા સસરાને દંડ

જમાઈ પર ખોટા કેસો કરી હેરાનગતિ કરનારા સસરાને હાઈકોર્ટે ૧ લાખનો દંડ ફટકાર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર પિતાએ કોર્ટમાં પરિણીત દીકરીની સલામતીને લઈને ખોટા દાવાઓ ઉભા કરીને દીકરીને પતિ તેમજ સાસરિયાઓથી મુક્ત કરવાની વિનંતી કરી હતી. જો કે, જસ્ટિસ સોનિયા ગોકાણી અને જસ્ટિસ મૌના ભટ્ટની ખંડપીઠે શોધી કાઢ્યું હતું કે તે વ્યક્તિ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ કરીને તેની પુત્રીને હેરાન કરે છે, જેમાં કારણ માત્ર એટલું જ છે કે, દીકરીએ પસંદગીથી કરેલા લગ્ન પિતાને સ્વીકાર્ય નથી. મામલો વડોદરા જિલ્લાના પાદરા તાલુકાનો છે. અરજદારની ૨૬ વર્ષની પુત્રીએ તેનું ઘર છોડી દીધું અને બે દિવસ પછી ૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ તેની પસંદગીના યુવક સાથે લગ્ન કર્યા. અરજદારે ફેબ્રુઆરી ૨૦૨૨માં હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેની પુત્રીને ઊંઝા શહેરમાં તેની ઈચ્છા વિરુદ્ધ અટકાયતમાં લેવામાં આવી હતી અને તેને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી.